॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૫, જુન–૨૦૨૬, રૂ. ૫.૦૦/–

શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજનો ૧૬ મો વાર્ષિક પાટોત્સવ શ્રી હરિચરણચિહ્ન મહોત્સવ યોજાયો.

શ્રીઘનશ્યામ બાલ-બાલિકા સત્સંગ શિબિર, શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૪ જુન-૨૦૨૬
વર્ષ : ૪૧ સળંગ અંક-૪૮૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

અનુક્રમણિકા

તંત્રીની કલમે	૪
લેખ	૫
સત્સંગ સમાચાર-દેશ	૬
સત્સંગ સમાચાર-વિદેશ	૨૩
શ્રી ઘનશ્યામ બાળસંદેશ	૨૮

લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

વિદેશમાં
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

દેશમાં
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

તંત્રીની કલમે

"પૂર્ણિમા-અમાવાસ્યા તો આતે હી રહેતે હૈં, પ્રત્યેક વર્ષ કે હર માસ..! સૂર્ય-ચંદ્રમેં તાદેશ્ય હૈં ભગવાન..! સબમેં સમાયે હૈં પુરુષોત્તમ ઘનશ્યામ..!"

ભારતીય પંચાગોમાં અધિકમાસ, પુરુષોત્તમ માસ નામની બોલબાલા છે, પરંતુ સમયાંતરે દર લગભગ ત્રણ વર્ષે બોલબાલા ઊંચા સાદે બોલે.

આધ્યાત્મ વિજ્ઞાન કહે છે કે, પુરુષોત્તમ મારા પ્રત્યે માનવની અને ખાસ તો સત્સંગીની ઉન્નતિ કરવાનો શ્રેષ્ઠ માસ મનાય છે. માનવ મનને ઉત્તમોત્તમમાંથી પણ ગતકડું કાઢી આવીને કહે છે, આ તો 'મળ માસ' કહેવાય. તેથી પુરુષોત્તમ માસને દુઃખ થતાં તે ભગવાન શેષશૈયાધીશ વિષ્ણુ ભગવાન પાસે જઈ તેનું દુઃખ વ્યક્ત કરે છે. તેથી તેમણે તેનું 'પુરુષોત્તમ માસ' નું નામાભિધાન કર્યું.

હિન્દુ પંચાંગમાં દર ૩૨.૫ મહિનામાં ઊમેરવામાં આવતો એક વધારાનો ચંદ્ર મહિનો છે. જયારે સૂર્ય પંચાંગમાં ૩૬૫ દિવસ હોય છે. આ અગિયાર દિવસને સંતુલિત કરવા અને ઋતુઓને સુમેળમાં રાખવા માટે વૈદિક વિજ્ઞાન આ વધારાનો મહિનો ઊમેરે છે. આ સમય ભૌતિક સમય અને આધ્યાત્મિક વિકાસ વચ્ચેનો એક પુલ છે.

"અધિકે અધિકાધિક પવિત્ર થવામિ, પુરુષોત્તમ માસે પ્રભુ શરણમ્ ગચ્છામિ..! અહં સંસારી જીવ પુરુષોત્તમે સંસાર ત્યજામિ! ભજન-કીર્તન, દાન-દીપમ્ ભક્તિ કરામિ..!"

દાન આ પવિત્ર સમયનો આત્મા છે, કારણ કે, ભૌતિક આનંદો શેકાય છે, ઉર્જા અન્ય લોકોની મદદ તરફ વળે છે. આ માસમાં અન્નદાન, દીપદાન, દિવ્યાંગોની સેવા અને આ દિવ્ય માસને વ્યાપક સમજણ આપવાનું જ્ઞાન મુખ્ય છે.

"પૂર્ણિમા, અમાસ તો હર દેશ મેં, આતે-જાતે હી રહતે હૈં હર માસ..! સૂર્ય-ચંદ્ર તો સાક્ષાત દેશ્ય ભગવાન.! સબ મેં હૈ સમાયે પુરુષોત્તમ ઘનશ્યામ નમામિ" કહીને જોરદાર ફટકો મારે તો એક-બે રન લેવાની કડાકૂટ અટકે અને ચોગ્ગા-છગ્ગાનો વરસાદ વરસી જાય એવો છે નામ નો મહિમા.

કેરમ રમતા બાળુળાંઓ-બાળકીઓ પણ જો નારાયણ બોલીને સ્ટ્રાઈકરથી ધારી કૂકરીઓને નિશાન તાકે તો કૂકરીઓ ખૂણાના ખાડાઓમાં ડૂબકી મારે જ...છે ને નામમાં ભારે મહિમા....ક્યારેક અજમાવશો.

ભારતમાં ઉચ્ચ અભ્યાસ કરી વિદેશ જવા માંગતા યુવક-યુવતીઓ જો ષડ્‌ક્ષરી 'સ્વામિનારાયણ' મંત્ર બોલીને કંપની અરજી કરે તો તેમને થોડા વખતમાં દેશમાં જ કમાણીની તકો છપ્પર ફાડીને ટપકી પડે ને સહજાનંદનો દેશ-વિદેશમાં વાગતો ડંકો વધુ ધમધમાટી કરે..!

વિષ્ણુ, પુરુષોત્તમ, સહજાનંદ મેં, કોઈ ફર્ક નહીં, દિવ્યતા હી દિવ્યતા હૈ.! સત્સંગી ભી સૂર્ય-ચંદ્રકી તરહ, બદલેં તો, ઘનશ્યામ શરણમ્ગચ્છામિ હૈ.!

શિક્ષાપત્રી શ્લોક - ૧૦૪

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ

વૈરાગ્યં જ્ઞેયમપ્રીતિઃ શ્રીકૃષ્ણેતર વસ્તુષુ ।
જ્ઞાનં ચ જીવમાયેશરુપાણાં સુષ્ઠુ વેદનમ્ ॥

"અને અમારા આશ્રિત હોય તેમણે ભગવાન બીજા પદાર્થોમાં જે પ્રીતિ નહિ તેને વૈરાગ્ય જાણવો. અને જીવ, ઈશ્વર અને માયા આ ત્રણના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહેલું છે એમ જાણવું."

"તૃણથી પ્રકૃતિ પર્યંત સ્થાવર-જંગમ સૌ
એકમાત્ર કોડિયું છે પ્રભુ કથાનું..!
નાશવંત પદાર્થોમાં જે સદા રહે ઉદાસીન,
વાસુદેવ માહાત્મ્ય કહે તે જ તો વૈરાગ્ય..!"

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, એક જ ભગવાનના દૃઢ સ્નેહને કારણે તૃણથી આરંભીને મૂળ પ્રકૃતિ પર્યંતના સ્થાવર-જંગમ સર્વે પદાર્થો કાળના કોડિયારૂપ છે. આવી નાશવંત બુદ્ધિથી જે પદાર્થોને ભોગવવામાં ઉદાસીનપણું રાખે છે તો ઉદાસીનપણાને જ વૈરાગ્ય જાણવો. કેમ કે કાળે કરીને બધાં જ પદાર્થો એક દિવસ નાશ પામી જાય છે.

વૈરાગ્યનું લક્ષણ 'વાસુદેવ માહાત્મ્ય'માં પ્રતિપાદન કરેલું છે, 'ઈત્યં પ્રભોઃ કાલશકત્યા યવૈરેત શ્ચતુર્વિધૈઃ । અસાક્ષુધ્વાઙ્ગ ખિલં તત્રાઙ્ગરુચિર્વૈરાગ્ય મુચ્યે ॥' આ પદ્યનું તાત્પર્ય એ છે કે, આ બ્રહ્માંડોના જે પ્રલયો થાય છે એ ચાર પ્રકારના કહ્યા છે. નિત્ય પ્રલય, નૈમિતિક પ્રલય, પ્રાકૃતિક પ્રલય અને આત્યંતિક પ્રલય. માટે સમગ્ર જગતને વિશે અરુચિ તેને વૈરાગ્ય કહેલો છે.

★નિત્ય પ્રલય :- ઋતુઓ પ્રમાણે જગતમાં જોવા મળતા અકાળ, દુષ્કાળ, ધરતીકંપ, અતિવૃષ્ટિ ઈત્યાદિ....

★નૈમિતિક પ્રલય :- પ્રલયનું કોઈ ખાસ કારણ હોય જેમ કે, રાષ્ટ્રો વચ્ચે જમીન, સરહદો, વસ્તી વધારો ઈત્યાદિકથી થતા યુદ્ધ....

★પ્રાકૃતિક પ્રલય :- જેમાં પ્રકૃત્તિ જેને પરમાત્માએ જ કરોડો વર્ષોથી બનાવી છે તેમાં થતાં મોટા ફેરફારો, જેમ કે હાલે ઉત્તર ધ્રુવ-દક્ષિણ ધ્રુવનું અનંત સ્વરૂપે થીજેલું પાણી ગરમ થઈ સમગ્ર સ્ત્રતેય દરિયાઓની સપાટીને ઊંચી ઉપાડી લે. આ સદીઓમાં ચારે તરફ આવું જોવા મળે છે.

★આત્યંતિક પ્રલય :- આ પ્રલયનું ચિત્ર જ વાચકો સામે મૂકી દઉં. જ્યારે મહાભારતના યુદ્ધમાં અર્જુન લડવા તત્પર નથી થતો ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માએ જ તેને તેમનું વિરાટ રૂપ બતાવીને બતાવેલ છે, જે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ મુખ્ય પૃષ્ઠ પર જ બતાવાય છે.

કચ્છ જિલ્લાને કાચબો કહે છે. લાખો વર્ષોમાં કચ્છ સમુદ્રમાં ડૂબ્યાનું ઈતિહાસ કહે છે."જીવ શરીર પંચભુતને જીવાડે! માયા-પ્રકૃત્તિ ઈશ્વરીય શક્તિ કહાવે.! ઈશ્વર પરંબ્રહ પરમાત્મા પ્રતિત કરાવે.! ત્રિસંગમ જ માત્ર જ્ઞાન કહાવે.! " અને વળી જીવ, માયા તથા ઈશ્વર આ ત્રણેયના સ્વરૂપો સારી રીતે જાણવાં એ જ્ઞાનનું લક્ષણ છે એમ જાણવું.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહેલું છે કે, 'ક્ષેત્રક્ષેત્રજ્ઞયોજ્ઞાનં યત્ત જજ્ઞાનં મતં મમ' હે અર્જુન ! ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપને જે જાણવું, તેને અમોએ જ્ઞાન કહેલું છે. "જીવ, માયા ક્ષેત્ર શરીરોમાં અંતર્યામી બંને ક્ષેત્રોમાં બિરાજી થાય શરીર આત્મા સુક્ષ્મ ભિન્નતા છે તે જ છે પરમાત્મા ત્રણેય છે ક્ષેત્ર જાણે તે ક્ષેત્રજ્ઞાત્મા" જીવ અને

માયાની અંદર પરમાત્મા અંતર્યામીપણે રહેલા છે. તેથી જીવ અને માયા આ બંને પરમાત્માના શરીરો કહેવાય છે. એ જ કારણથી ક્ષેત્ર કહેવાય છે. પરમાત્મા એ બંને ક્ષેત્રના શરીરિ આત્મા છે. અને એ બંને ક્ષેત્રને જાણનારા છે. માટે પરમાત્માને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે. આ ત્રણેયના સંબંધને રૂડી રીતે જાણવું તેને જ જ્ઞાન કહેવામાં આવે છે.

"પ્રમાણપત્રિત વક્તાઓ બોલવામાં તો કડકડાટ, ફડફડાટ ને અફલાતૂન બોલે, શાસ્ત્રો કહે તેઓ શ્રોતાઓની બુદ્ધિ ભ્રમાવે..! જીવ, માયા, ઈશ્વરને જાણી તે જ્ઞાન કહાવે."

સત્સંગ સમાચાર દેશ

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજમાં બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજનો ૧૬ મો વાર્ષિક પાટોત્સવ

સદ્‌ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામીને પ્રિય સ્થળ ભુજધામ. જ્યાં સંવત ૧૮૭૯માં કચ્છના ભક્તોના કલ્યાણને માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વહસ્તે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. એવા પ્રસાદીભુત શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ૧૬ મો વાર્ષિક પાટોત્સવ તા.૬/૫/૨૦૨૬ થી તા.૧૦/૫/૨૦૨૬ના ધામધૂમ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો.

મંડળધારી સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીએ મંડળના સર્વે સંતોને જણાવ્યું કે ભગવાનનો ૧૬ મો વાર્ષિક પાટોત્સવ છે, તો આ ઉત્સવનું નામ "શ્રીહરિ ચરણ ચિહ્ન મહોત્સવ" રાખીએ. અને ચરણારવિંદમાં રહેલ સોળ ચિહ્નનો મહિમા અને શ્રીહરિ સંતો-ભક્તોને રાજીપારૂપે આપેલ પાવનકારી ચરણારવિંદની કથા થાય તો ભક્તોના હૃદયમાં ભગવાન પ્રત્યે ભક્તિ અને સમર્પણભાવ વિશેષ થાય.

મોટા સંતોના સંકલ્પને મંડળના સર્વે સંતોએ વધાવ્યો અને મહોત્સવનાં નામને અનુરૂપ સજાવટ અને કથાની તૈયારી કરવા લાગ્યા. જેમાં માધાપર, મદનપુર, કોડકી, ભક્તિનગર ગામના

સાં.યો.બહેનોએ સ્વામિનારાયણ મહામંત્રના સ્મરણ સાથે એક એક વસ્તુ દ્વારા ચરણારવિંદને શણગારી સભાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી, જે સંતો-ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર હતું.

મહોત્સવ દરમિયાન દરરોજ મંગળા આરતી દર્શન વખતે શ્રીઘનશ્યામ મહારાજને કેસરજળથી અભિષેકનો લ્હાવો અનેરો હતો. તા.૭/૫/૨૦૨૬ના રોજ શ્રીઠાકોરજીનો પંચામૃતથી અભિષેક અને સંતો-ભક્તો અને સાં.યો. બહેનોએ ભક્તિભાવથી બનાવેલ વિવિધ પ્રકારની વાનગીઓ દ્વારા અન્નકૂટ ધરાવવામાં આવ્યો તે દર્શનનો લ્હાવો ભક્તોએ માણ્યો હતો.

કથા પારાયણ અંતર્ગત બીજા દિવસે ભગવાન શ્રીસ્વામિનારાયણે સંતો-ભક્તોને આપેલ અમૂલ્ય ચરણારવિંદ જે સંતો નિત્યપૂજામાં જેની સેવા કરે છે તેવા ચરણારવિંદ સંતો પાસે અરજી કરીને સોળ ચરણારવિંદનું પૂજન કર્યું જે દેશ્ય પાપને નાશ કરનારું અને ભગવાન પ્રત્યે દાસત્ત્વભક્તિ કરાવે એવું હતું.

ઉત્સવ દરમિયાન બ્રાહ્મણોને ભોજન, ગાયોને ઘાસચારો સાથે મોટા સંતોના સંકલ્પ અને પ.ભ.કરસનભાઈ નારાણ ખેતાણીના યજમાનપદે ભુજ શહેર સ્થિત ૧૮૦ જેટલા હિન્દુ મંદિરોમાં બિરાજમાન દેવી-દેવતાઓને થાળ આપવામાં આવ્યાં હતાં. જેમાં ભુજ શહેરના જ યુવાનો એક એક મંદિર પ્રત્યે જઈ પૂજારીને થાળ આપી અને શ્રીઠાકોરજીને ભોગ ધરાવવાનું કહ્યું. પૂજારીશ્રીએ પણ હર્ષભેર થાળ સ્વીકારીને હૃદયનો ભાવ પ્રગટ કરતા હતા કે સ્વામિનારાયણ મંદિરે આ એક સારો સંકલ્પ કર્યો જે હિન્દુ એકતાનું ઉદાહરણ છે.

શ્રીમદ્ નિષ્કુળાનંદકાવ્ય અંતર્ગત ચિહ્ન ચિંતામણીની કથા શા.સ્વામી સુખનંદનદાસજી અને પુ.સ્વામી કૃષ્ણદાસજીએ ચિહ્નનો મહિમા અને શ્રીહરિના રાજીપારૂપે આપેલ ચરણારવિંદની ગાથાનું અદ્‌ભુત કથામૃતનું રસપાન કરાવ્યું હતું. અને રાત્રીના સત્રમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી શા.સ્વામી પતિતપાવનદાસજી, શા.સ્વામી ઘનશ્યામનંદનદાસજી તથા શા.સ્વામી રામકૃષ્ણદાસજીએ સત્સંગ કરાવ્યો હતો. શનિવારના દિવસે સંગીતકાર સ્વામી

હરિજીવનદાસજીએ કીર્તન હાઉસી દ્વારા ભક્તિમય વાતાવરણ નિર્માણ કર્યું હતું.

આ મહોત્સવને શોભાવવા આઠેય મંડળના સંતો અને કથા પારાયણના યજમાન બહેનોના મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ, ૧૦૦ થી વધુ સાં.યો.બહેનોની નિત્ય હાજરી સભામાં ઊર્જાનો સંચાર કર્યો હતો. જેની અનૂભુતિ સર્વે ભક્તોએ સ્વયં માણી હતી.

આ ઉત્સવમાં ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી, સદ્‌ગુરુ સ્વામી ભક્તિપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ ઘણા બધા બ્રહ્મનિષ્ઠ સંતોએ આર્થિક અને શારિરીક સેવા કરનાર સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ મહોત્સવના મુખ્ય યજમાનપદે સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીની પ્રસન્તાર્થે એક હરિભગત રહ્યા હતા. તેની સાથે ખાસ વિશેષ કરીને ભુજ શહેરના ૫૦ જેટલા ભક્તો અને ૫૦ થી વધારે સાં.યો.બહેનોએ સામુહિક યજમાનપદનો લાભ લીધો હતો.

સભા સંચલાના શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની આગવી છટાના માધ્યમથી બજાવી હતી. અને ભક્તોના ભાવને પુરા કરવા અને પહેરામણી સાથે ભોજનપ્રસાદની વ્યવસ્થા કોઠારી સ્વામી માધવપ્રિયદાસજી અને કોઠારી સ્વામી ધર્મજીવનદાસજીએ સંભાળી હતી.

અંતે આ ઉત્સવ સેવા, સમર્પણ અને દાસત્ત્વનો હતો. જેના બીજ સંતો-ભક્તો અને સાં.યો.બહેનોના હૃદયમાં અંકુરિત થયા અને સુખનું કારણ બન્યા.

અ - સ્વામી ઘનશ્યામનંદનદાસજી

ભુજ મંદિરે પુરુષોત્તમ માસમાં વિશેષ જપાત્મક તેમજ હોમાત્મક દિવ્ય આયોજન

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં સંવત-૨૦૮૨ ના અધિક જેઠ (પુરુષોત્તમ માસ) માં સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ કોઠારી સ્વામી

દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ સંતોની આજ્ઞાથી પવિત્ર અધિકમાસમાં શ્રીસહજાનંદ જપાત્મક યાગ એવં મંત્રાનુષ્ઠાન તથા હવિષ્યાન હોમાત્મક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

મંદિરના ગોર મહેશ મહારાજ તથા શાસ્ત્રી કૃપાલ મહારાજ વિગેરે વિદ્વાન બ્રાહ્મણોના મુખેથી ઉચ્ચારણ થતા વૈદિક એવં પુરાણોક્ત મંત્રો દ્વારા યજમાનશ્રીઓના વરદહસ્તે ઘી, તલ, જવ વિગેરે હોમાત્મક દ્રવ્યો દ્વારા યજ્ઞનારાયણને આહુતિઓ આપી ઉત્સવ ઉજવાઈ રહ્યો છે.

આ ઉત્સવના પ્રારંભે મહંત સ્વામી વિગેરે સંતો તથા યજમાનોના હસ્તે વિજય સ્થંભારોપણ કરવામાં આવ્યું હતું. આ યાગની શરૂઆતમાં પ્રથમ દિવસે મહંત સ્વામીના આશીર્વાદ તેમજ મંત્રો દ્વારા યજ્ઞશાળામાં પ્રવેશ તેમજ સંતો-ભક્તો દ્વારા અરણીમંથનથી અગ્નિદેવનું આવાહન કરવામાં આવ્યું હતું. દરરોજ સાંજે સંધ્યા સમયે ઠાકોરજી યજ્ઞશાળામાંથી નિજ મંદિરમાં વાજતે ગાજતે પધારતા અને મંદિરમાંથી પુનઃ સવારે યજ્ઞશાળામાં પધારતા.

આ યજ્ઞશાળા સંપૂર્ણ વાંસ, ઘાસ અને સુથણીથી બનાવવામાં આવેલ છે. નીચે પવિત્ર માટી અને પંચગોમયથી લીંપણ કરવામાં આવેલ છે. તેમજ દશે દિશાઓમાં દેવોના સ્થાનો તથા દેવોની સ્થાપના કરવામાં આવેલ છે. આ યજ્ઞશાળાના બાંધકામમાં સંપૂર્ણ માર્ગદર્શન, વ્યવસ્થાપકની તેમજ સંચાલનની જવાબદારી પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી ભગવાન શ્રીનરનારાયણદેવ આદિ દેવોના પુજારી મંડળના સંતો સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતોના આશીર્વાદથી કોઠારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી દેવસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજી નિષ્ઠાપૂર્વક સેવા સંભાળી રહ્યા છે. તેમજ કોઠારી સંતોની આજ્ઞાથી નિજ મંદિરના મંડપમાં વર્ષ દરમિયાન આવતા વિવિધ તહેવારોનું

એક મહિના સુધી દરરોજ જુદા જુદા દર્શન કરાવવામાં આવી રહ્યા છે.

સ્વામી નારાયણપ્રિયદાસજી, સ્વામી વર્ણીવિહારીદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજી વિગેર સંતો સેવા સંભાળી રહ્યા છે. આ સાથે ભગવાન શ્રીનરનારાયણદેવ, ભગવાન શ્રીરાધાકૃષ્ણદેવને એક મહિના સુધી ચંદનના શણગાર સજી ઠાકોરજીનો રાજીપો મેળવી રહેનારા સંતો પુજારી સ્વામી નારાયણપ્રિયદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, સ્વામી સંતદાસજી, સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, સ્વામી વર્ણીવિહારીદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજી, સ્વામી મોહનપ્રસાદદાસજી તેમજ શ્રીઘનશ્યામ મહારાજના દરરોજ ડોલરીયા વિગેરે જુદા જુદા પુષ્પોથી શણગાર સજી મનમોહન પ્રભુના દર્શન ભક્તો કરી ધન્ય બની રહ્યા છે. અધિક મહિનામાં દર શનિ-રવિવારના સત્સંગ સભાનું આયોજન PPT દ્વારા રાખવામાં આવેલ છે.

વિશેષમાં જણાવતાં આનંદ સાથે ખુશી થાય છે કે સંતો-ભક્તોને દર્શન આપી સુખિયા કરતા એવા શ્રીઘનશ્યામ મહારાજ તથા અન્ય દેવોને ડોલરીયાના તેમજ અન્ય પુષ્પોના કળાપૂર્ણ પુષ્પમાળાઓ બનાવી, ભુજ મંદિરમાં દરરોજ મોકલાવી આપનાર ગામ રામપર નવાવાસના શ્રદ્ધાળુ અને ઉત્સાહી ભાવના વાળા તમામ સાં.યો.બહેનો તથા કર્મયોગી ગૃહસ્થ બહેનો ઘણા વર્ષોથી સેવા કરી રહ્યા છે. તે બહેનોને મહંત સ્વામી વિગેરે વડીલ સંતો ખૂબ પ્રસન્નતા અને રાજીપો વ્યક્ત કરી રહ્યા છે.

અ - શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીના સપ્રેમ જય શ્રીસ્વામિનારાયણ

રાપર મંદિરમાં ઠાકોરજી પધાર્યાની પ્રથમ વાર્ષિક પાટોત્સવની ઉજવણી

કચ્છ સત્સંગનું પાંચમું ધામ, વાગડ વિસ્તારના સત્સંગનું કેન્દ્ર રાપરમાં પૂર્વના મંદિરને ૧૪૧ વર્ષ અને નૂતન મંદિર થયું, શ્રીઠાકોરજી બિરાજમાન થયા તેને એક વર્ષ થતાં પ્રથમ વાર્ષિક પાટોત્સવ તા.૨૮/૪ થી તા.૨/૫ સુધી ભક્તિભાવ અને ભવ્યતાથી ઉજવાયો.

રાપર અને વાગડ વિસ્તારમાં સત્સંગને સાંચવનાર વડીલ સાં.યો. ફઈબા પુંજી ફઈ, શ્રીજીમહારાજના ધામમાં ગયાં તેને પણ એક વર્ષ પૂર્ણ તેમની પુણ્ય સ્મૃતિમાં તેમના સર્વે સગાંસંબંધીઓ, રાપર વિસ્તાર તથા સંતોની પ્રેરણાથી દેશ-પ્રદેશ-વિદેશના સર્વે હરિભક્તો યજમાનપદ સાથે ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો હતો.

આ મંગલ ઉત્સવનો પ્રારંભ વૈશાખ સુદ-૧૨, મંગળવાર તા.૨૮ ના રોજ થયો. રાપરના આથમણા નાકેથી શ્રીરામ મંદિરથી પોથીપૂજન

કરીને સંતો-યજમાનો-મહેમાનો-હરિભક્તો સાથે આ પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. આ પોથીયાત્રામાં શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકો, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, સંતો, યજમાનો સુશોભિત વાહન ઉપર શ્રીઠાકોરજી, મહંત સ્વામી, વક્તાશ્રીઓ ત્યારપછી સર્વે હરિભક્તો અને ત્યારપછી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળની બેન્ડ, સાં.યો. બહેનો મસ્તક ઉપર સુશોભિત પોથી વાજતે ગાજતે મંદિરે પહોંચી હતી.

મંદિરના વિશાળ ચોકમાં મંચસ્થ વ્યાસપીઠ ઉપર પોથી પધરાવવામાં આવી.

યજમાન પરિવાર દ્વારા વ્યાસપૂજન કરીને આરતીના દિવડાઓ પ્રગટાવીને વક્તા દ્વારા કથાના પ્રથમ સત્રનો મંગલ પ્રારંભ થયો હતો. કથા સત્ર બપોરપછી અને રાતના રાખવામાં આવ્યા હતાં. ૭ વાગ્યે સંધ્યા આરતીની સાથે પ્રથમ સત્ર પૂર્ણ કરવામાં આવતું, સર્વે ભક્તો આરતી દર્શનનો લાભ અને સ્તુતિ પ્રાર્થના કરીને ભોજન મહાપ્રસાદ લેતા. શયન આરતી કરીને ૮-૧૫ વાગ્યે બીજા સત્રનો પ્રારંભ થતો.

પાંચ દિવસના ઉત્સવમાં કથા અંતર્ગત બીજા સત્રમાં દરરોજ અલગ અલગ ઉત્સવો થતા તેમાં પ્રથમ દિવસે રાપર આગમન ઉત્સવ, બીજા દિવસે શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ, ત્રીજા દિવસે રાજાધિરાજ ઉત્સવ, ચોથા દિવસે અભિષેક ઉત્સવ થયા હતા. પાંચમા દિવસે રાત્રે સૌ હરિભક્તો સાથે વાગડના પારંપારિક વેશભૂષામાં ખૂબ પ્રેમથી રાસ રમ્યા હતા. તેમાં બહેનોનો પારંપારિક વાગડનો પહેરવેશ અને મસ્તક ઉપર સામૈયું હેલ-દેગ ધારીને રાસ રમ્યાં હતાં.

ઉત્સવનો ચોથો દિવસ વૈશાખી પૂનમ. આજે ઠાકોરજીનો પ્રથમ પાટોત્સવનો દિવસ હોવાથી વહેલી સવારે ૫-૩૦ મંગળા આરતીના દર્શન બાદ ઠાકોરજી આગળ પૂજ્ય મહંત સ્વામી સાથે સર્વે યજમાન ભક્તોએ દર પૂનમની જેમ ધજા પૂજન અને અભિષેક પૂજનવિધિનો લાભ લીધો

હતો. ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યા હતો. સર્વે ભક્તો અભિષેક દર્શન કરી

પંચામૃત પ્રસાદ લઇ ધન્યતા અનુભવી હતી. દરેક શિખર ઉપર ધ્વજારોહણ બાદ શ્રીઠાકોરજી આગળ પદ ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો અને ૯ વાગ્યે અન્નકૂટ તથા પ્રથમ વાર્ષિક પાટોત્સવની આરતી કરવામાં આવી હતી.

આજે ઉત્સવના મુખ્ય દિવસે સમગ્ર કચ્છમાંથી અનેક હરિભક્તો બહોળી સંખ્યામાં આવ્યા હતા. અને ઠાકોરજીની નગરયાત્રામાં કચ્છ ચોવિસીનાં ગામોમાંથી અનેક ઉત્સવ મંડળીઓના ભક્તો જોડાયા હતા.

રાપરના આથમણા નાકેથી શોભાયાત્રાની શુભ શરૂઆત થઈ. સૌથી આગળ રાપર પોલિસની પાયલોટ ગાડી, નૌરોબીથી આવેલ શ્રીનરનારાયણદેવ પાઈપ બેન્ડ, મદનપુરના શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકોની મંડળી, સંતોનું વાહન, દરેક ગામની ઉત્સવ મંડળીઓ, ભારતીય સેનાની અર્જુન ટેન્ક વાહન ઉપર શ્રીઠાકોરજી અને સેવામાં મુખ્ય યજમાનો ત્યારબાદ વાગડના પારંપરિક પરિવેશમાં સજ્જ માથા ઉપર સામૈયું ધારી યજમાન બહેનો, રાપર મંદિરની એક વેશધારી બહેનોની બેન્ડ, સાં.યો.બહેનો પછી ગ્રહસ્થ બહેનો. આ પ્રમાણે શોભાયાત્રા રાપર શહેરની મુખ્ય બજારોમાંથી થઈને મંદિર પરિસરમાં પહોંચી હતી. આ શાભોયાત્રા દરમિયાન રાપર પોલિસ અધિકારી ટીમ મોટી સંખ્યામાં હાજર રહી પોતાની સેવા આપી હતી.

શોભાયાત્રા મંદિર પરિસરમાં આવકાર્યા બાદ સર્વે હરિભક્તો સભામાં પધાર્યા હતા. કથા બાદ મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ પધારેલ સર્વે હરિભક્તોને આવકારી સત્સંગની એકતા, મમત્વ, બંધુત્વ અને સહયોગની ભાવનાને વધાવીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. વાગડ સત્સંગના વિકાસ માટે મહેનત કરનાર સર્વે સંતો-ભક્તો-સાં.યો. બહેનો-કર્મયોગી બહેનોને પણ યાદ કર્યા હતા. સેવા-સંપ સાથે નિયમ-સત્સંગ ભક્તિ અને દેવ નિષ્ઠા રાખવાની ભલામણ કરી હતી.

આજની વિશાળ સભામાં વડીલ સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજીએ અમીદૃષ્ટિએ દર્શન આશીર્વાદ આપ્યા હતા. અને ઉત્સવના દરેક યજમાનોને સાલ ઓઢાડી ઉત્સવની સ્મૃતિ આપી તેમની સેવાને બિરદાવામાં આવી હતી. ધૂન બાદ સભા પૂર્ણ કરી સર્વે હરિભક્તો મહાપ્રસાદ લેવા

પધાર્યા હતા.

બહેનોના મંદિરમાં પાટોત્સવ નિમિત્તે સાં.યો. બહેનોએ ઠાકોરજીને પદ્ ભોગ અન્નકૂટ થાળ ધરાવ્યા બાદ મહંત સ્વામી, કોઠારી સ્વામી આદિ સર્વે સંતો ઠાકોરજીની આરતી કરવા પધાર્યા હતા. ત્યારબાદ સાં.યો. બહેનો સાથે યજમાન પરિવારના બહેનો આરતીનો લાભ લીધો હતો. અને રાત્રે મહારાસોત્સવના આનંદ સાથે આ મહોત્સવ ભવ્યતાથી પૂર્ણ થયો હતો.

આ મહોત્સવના વક્તાશ્રીઓ પુ.સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી તીર્થમુનિદાસજી, શા. સ્વામી રાઘવમુનિદાસજી, ડો. સ્વામી અક્ષરમુનિદાસજી રહ્યા હતા. સંગીતની સેવામાં સ્વામી જનમંગલદાસજી તથા સ્વામી દેવપ્રિયદાસજી રહ્યા હતા. સમગ્ર ઉત્સવમાં મંડપ, સ્ટેજ, પાકશાળા, અન્નકૂટ, પોથીયાત્રા, શોભાયાત્રા વિગેરે વિભાગોમાં પાર્ષદ નારાણ ભગતની સેવા રહી હતી. સાથે મંડળના સર્વે સંતો મહોત્સવને સફળ બનાવવા યોગદાન આપી શ્રીહરિનો અને સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી આદિ સંતો

તેમજ અંજાર, માંડવી, પ્રસાદી મંદિર તેમજ રાપર ગુરુકુળ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાંથી સંતો પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા.

અ - કોઠારી ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

શ્રીઘનશ્યામ બાલ-બાલિકા સત્સંગ શિબિર

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળની ૨૨ મી શ્રીઘનશ્યામ સત્સંગ બાલ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલ-બાલિકાઓ મળીને કુલ્લ ૧૫૦૦ જેટલા બાળકો ઉત્સાહ ભેર જોડાયા હતા. તેમાં ૮૦૦ જેટલા બાળકો અને ૬૫૦ જેટલી બાલિકાઓ હતી.

તા. ૧૪/૫/૨૦૨૬ થી તા. ૧૮/૫/૨૦૨૬ પાંચ દિવસની શિબિર હતી. તેમાં પ્રથમ તા. ૧૩ ના સાંજે બાળકો શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. તા. ૧૪ ના સમૂહ પૂજા અને અલ્પાહાર કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. જેમાં સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી, પુ.સ્વામી પરમહંસદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ વડીલ સંતો અને યુવક મંડળ સમિતિના સંતોના વરદ્‌હસ્તે દીપ પ્રાગટ્ય થયું. ત્યારબાદ ઉંમર પ્રમાણે બે વિભાગમાં પરીક્ષા રાખવામાં આવી હતી. જે પેપર બાલ સત્સંગ બૂકમાંથી તૈયાર કરવામાં આવ્યું હતું. બપોરે ભોજન બાદ આરામ કરી નિત્યનિયમો અને પૂજાના શ્લોકો વિગેરેના રાગ



શીખવાડવામાં આવ્યા હતા. સાંજે આરતી નિયમ કરી રાતે પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. અને બીજા દિવસે પ્રેઝન્ટેશન માધ્યમથી રાગો શીખવાડવામાં આવ્યા હતા.

આધુનિક યુગમાં બાળકોને સરળતાથી સમજાવી શકાય એ રીતે ૧૦ ક્લાસરૂમમાં સ્માર્ટ બોર્ડ (ટીવી)ના માધ્યમથી દરેક બાળકોને પ્રેઝન્ટેશન દ્વારા પવિત્ર આહાર, કર્મફળ અને સદાય ખુશ રહેવું એ વિષયો દ્વારા સારી શિખામણ આપવામાં આવી હતી. એક કલાસરૂમમાં ૪૪ બાળકો સાથે એક સંતની વ્યવસ્થા રાખવામાં આવી હતી. કલાસરૂમમાં પ્રવક્તાની સેવા આપનાર સંતોમાં સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, સ્વામી આનંદસ્વરૂપદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી, સ્વામી મોરલીમનોહરદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, સ્વામી કુંજવિહારીદાસજી, સ્વામી રામાનુજદાસજી રહ્યા હતા. સમજાવવામાં સરળતા રહે, માટે મોટા બાળકોના કલાસ ચાલે ત્યારે નાના બાળકો મેદાનમાં વિવિધ પ્રકારની રમતો રમવા જાય અને નાના બાળકોના કલાસ હોય ત્યારે મોટા

બાળકો મેદાન રમતોમાં જાય. જેથી બાળકોને સમજાવવા અને શિખવાડવામાં સંતો અને સંચાલકોને સરળ રહે એવી વ્યવસ્થા ગોઠવાઈ હતી.

જ્ઞાનની સાથે ગમ્મત મળે એવી રમતો રાખવામાં આવી હતી. જે સેવા સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ સંભાળી હતી. આઈ.ટી.ની સેવા સ્વામી હરિસ્વરૂપદાસજીએ સંભાળી હતી. રસોડા વિભાગ અને તરબૂચ વિગેરેની સેવા સ્વામી કપિલમુનિદાસજીએ સંભાળી હતી. શિબિરમાં સંયોજકો, સ્વયંસેવકો અને સંચાલકોએ સારી સેવા આપી હતી.

અંતમાં દરેક બાળકોને પરિણામ પ્રમાણે ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ દરેક બાલ-બાલિકાઓને ભુજ મંદિર તરફથી એક બેગ, બે બૂક, પેન અને પેડ ઈનામરૂપે આપવામાં આવ્યાં હતાં.

શિબિર સ્થળ શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા હતું. જ્યાં મોટી સંખ્યામાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે છે. વાતાનુકુળ કલાસરૂમ તથા પ્રાર્થના હોલની સારી વ્યવસ્થા છે. ગુરુકુળ સંચાલક સ્વામી આનંદસ્વરૂપદાસજી, સ્વામી નારાયણદાસજી આદિ સંતોએ ખૂબ સહયોગ આપ્યો હતો.

બાળકોની શિબિર ૧૬ મે ના બપોરે વિરામ કરી અને બપોરપછી ૪ વાગ્યે સાં.યો.

બહેનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી બાલિકા શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પરીક્ષા લેવામાં આવી બાદમાં બાળકોની જેમ ૧૦ કલાસમાં વિવિધ વિષયોથી સાં.યો. બહેનોએ બાલિકાઓને પ્રેઝન્ટેશન દ્વારા એમને અનુરૂપ વિષયો પીરસવામાં આવ્યા હતા. ૧૮ મે ના બપોરે શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

અ - સ્વામી સંતસ્વરૂપદાસજી

દહીંસરા મધ્યે નૂતન સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

કચ્છના દહીંસરા ગામ ખાતે ભાઈઓ તથા બહેનોના ભવ્ય નૂતન મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન આદિ દેવોનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૨/૫/૨૦૨૬ થી ૮/૫/૨૦૨૬ દરમિયાન ભારે ધામધૂમ, ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ પાવન પ્રસંગે સમગ્ર દહીંસરા પંથક હરિનામ નાદથી ગુંજી ઉઠ્યો હતો.

આ દિવ્ય મહોત્સવ અંતર્ગત સાત દિવસીય સત્સંગિજીવન પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ મંદિરના મહંત સદિગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી આ બંને મંદિરોનું નિર્માણ કાર્ય ઉપમહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સદ્ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજીના સીધા માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું.

શ્રી વિષ્ણુયાગ અને પ્રતિષ્ઠા મહોત્સવ

દરમિયાન ત્રણ દિવસીય ૬૩ કુંડી ભવ્ય વિષ્ણુયાગનું આયોજન કરાયું હતું. તારીખ

૪/૫/૨૦૨૬ના રોજ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદહસ્તે, પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે નૂતન મંદિરોમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ઉત્સવ દરમિયાન ૨૪ ગામની મંડળીઓ સાથે ભવ્ય શોભાયાત્રા (નગરયાત્રા) કાઢવામાં આવી હતી, જેમાં હરિભક્તો અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઝૂમી ઉઠ્યા હતા. ઉત્સવ અંતર્ગત વિવિધ ઉત્સવોની ઉજવણી કરાઈ હતી જેમ કે શ્રી નરનારાયણદેવ પૂજન, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શાલીગ્રામ પૂજન, રથયાત્રા મહોત્સવ, મહા પટ્ટાભિષેક અને દહીંસરામાં શ્રીહરિ આગમન જેવા વિવિધ દિવ્ય ઉત્સવો ખૂબ જ ભવ્યતાથી ઉજવાયા હતા.

આ મહોત્સવમાં દેશ-વિદેશથી મોટી સંખ્યામાં સંતો, સાંખ્યયોગી બહેનો અને હરિભક્તો દર્શનનો લાભ લેવા પધાર્યા હતા. વિદેશી ભક્તોની ઉપસ્થિતિઃ યુ.કે., કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનિયા, ઓસ્ટ્રેલિયા અને શિશેલ્સ સહિતના અન્ય દેશોમાંથી આવેલા હરિભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને મંદિર નિર્માણ પ્રત્યે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

મહોત્સવ દરમિયાન રાત્રે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળના સંતોએ આ પ્રસંગ દિવ્ય અને ભવ્ય બનાવી શ્રીજી મહારાજનો રાજીપો લીધો હતો. આ મહોત્સવના વક્તા શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી દેવનંદનદાસજી અને સ્વામી વેદાંતસ્વરૂપદાસજી વ્યાસાસને વિરાજી કથા રસ પાન કરાવ્યું હતું. સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજી રહ્યા હતા.

મહોત્સવનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી સંભાળ્યું હતું. મહોત્સવના અંતિમ ચરણમાં ભક્તોએ મુક્ત મને દાનની સરવાણી

વહાવી હતી. લેવા પટેલ બાલમંદિરના નવા બિલ્ડિંગ માટે સ્વામિનારાયણ મંદિર દહીંસરા દ્વારા રૂપિયા ૨૧ લાખનું માતબર દાન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશના અન્ય હરિભક્તોએ પણ પોતાની ઉદારતા બતાવી આર્થિક સહયોગ આપ્યો હતો.

આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે પૂજ્ય સંતોના માર્ગદર્શન હેઠળ ગામના ભાઈઓ, સાં. યો. બહેનો, મંદિરની કમિટી, યજ્ઞની મુખ્ય તથા પેટા સમિતિ અને યુવક/યુવતી મંડળના સ્વયંસેવકોએ રાત-દિવસ ભારે જહેમત ઉઠાવી હતી.

-પ્રવિણભાઈ પિંડોરિયા

માનકુવા ગામે ભાઇઓ માટે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

કચ્છના માનકુવા ગામ ખાતે નવનિર્મિત ભવ્ય અને કલાત્મક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તારીખ ૨૬/૪/૨૦૨૬ થી ૧/૫/૨૦૨૬ દરમિયાન સાત દિવસીય શ્રી સત્સંગિજીવનની પારાયણ સાથે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમ અને ભક્તિસભર માહોલમાં સંપન્ન થયો હતો. ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને અ. નિ. રામબાઈ ફઈના આશીર્વાદથી મંદિરનું કાર્ય પૂર્ણ થયું છે.

આ મહોત્સવ કોઠારી સ. ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળના સંતો, સાં.યો. નાનબાઈ ફઈ આદી બહેનોના માર્ગદર્શન હેઠળ મહોત્સવ ઉજવાયો હતો. મહોત્સવના વક્તા શાસ્ત્રી સ્વામી આનંદ વલ્લભદાસજી શાસ્ત્રી સ્વામીમુરલીમનોહરદાસજી, શાસ્ત્રી સ્વામી કૃષ્ણજીવન દાસજી, શાસ્ત્રી સ્વામી નારણપ્રિય દાસજી વ્યાસાસને બિરાજી કથા રસપાન કરાવ્યું હતું. સંગીતમાં સ્વામી નીલકંઠમુનિદાસજી રહ્યા હતા. સભાસંચાલન સ્વામી હરિકૃષ્ણદાસજી તથા

સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સંભાળ્યું હતું.

આ મહોત્સવમાં દેશ-વિદેશથી હજારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર માનકુવા ગામ સ્વામિનારાયણ ધૂનથી ગુંજી ઉઠ્યું હતું. આ સપ્ત દિવસીય મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં સુશોભિત રથો, પરંપરાગત રાસ-ગરબા, બેન્ડવાજા અને સંતોની ઉપસ્થિતિ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. ગ્રામજનોએ ઠેર-ઠેર પુષ્પવર્ષા કરીને ભગવાનનું સ્વાગત કર્યું હતું. વિદ્વાન ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક સંસ્કારો કરવામાં આવ્યા હતા.

મુખ્ય દિવસે, તારીખ ૧/૫/૨૦૨૬ના રોજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદહસ્તે પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ થયા બાદ ભગવાન સમક્ષ કલાત્મક 'છપ્પનભોગ' (અન્નકૂટ) ધરાવવામાં આવ્યો હતો. આ મનોહર દર્શનનો લાભ લઈને તમામ ભક્તો ધન્યતા અનુભવી હતી. પધારેલા તમામ ભાવિકો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

માનકુવા શ્રી સ્વામિનારાયણ મંદિર કમિટી અને સ્થાનિક યુવક મંડળના સ્વયંસેવકો દ્વારા રાત-દિવસ જોયા વગર આ મહોત્સવને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

-જયેશભાઈ

શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘપરનો ૨૦મો પાટોત્સવ

ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળના સંતોના માર્ગદર્શન હેઠળ મેઘપર ગામે નવા શ્રી સ્વામિનારાયણ મંદિરને ૨૦ વરસ પૂર્ણ થતાં તારીખ ૧૩ થી ૧૯ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન સપ્તદિનાત્મક મહોત્સવનું આયોજન કરાયું હતું. આ મહોત્સવમાં દેશ વિદેશથી અનેક દાતાઓએ પોતાની સેવા આપી આ મહોત્સવ દિવ્ય અને ભવ્ય બનાવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ દેશના આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી સૌ ભક્તો ને આશીર્વાદ આપ્યા હતા. પારાયણના વક્તા સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા સ્વામી રાઘવમુનિદાસજી રહ્યા હતા. સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજી રહ્યા હતા અને સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી સંભાળ્યું હતું. ગામના સૌ ભક્તો યુવાનો, યુવતીઓ પોતાની સેવા અર્પણ કરી હતી.

શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ ચાંદરાણી ખાતે ભવ્ય વાસ્તુ પૂજન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ભુજ મંદિર સંસ્થાપિત, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપર સંચાલિત 'શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ ચાંદરાણી' ખાતે નવનિર્મિત ભવનનો વાસ્તુ પૂજન મહોત્સવ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજના મહંત સદગુરુ સ્વામી ધર્માનંદનદાસજીની આજ્ઞાથી આ ગુરુકુળનો કાર્યભાર સદગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતોને સોંપવામાં આવ્યો છે. સદગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી અને સદગુરુ સ્વામી હરિબળદાસજીના કુશળ માર્ગદર્શન હેઠળ ચાંદરાણી ગામ પાસે આ વૈદિક ગુરુકુળનો પાયો નંખાયો છે.

શાસ્ત્રોક્ત વિધિથી વાસ્તુ પૂજન અને હવન: ગુરુકુળમાં બાળકો માટે પ્રાચિન પદ્ધતિથી વર્ગખંડ, નિવાસ ખંડ, પ્રાર્થના ખંડ, આચાર્ય નિવાસ તથા વહીવટી કાર્યાલય વગેરે ભવનોનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં, સંવત્ ૨૦૮૨ વૈશાખ વદ ૭, દિનાંક ૯ મે ૨૦૨૬ના રોજ તેનું વાસ્તુ પૂજન રાખવામાં આવ્યું હતું. વહેલી સવારે યોજાયેલા ભવ્ય હવનમાં ૨૧ જેટલા વિદ્વાન ભૂદેવોએ વેદ વિહિત મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપી હતી. આ મંગલમય પ્રસંગે

મુખ્ય યજમાનશ્રીઓ અને હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાપર મંદિર તથા રાપર ગુરુકુળથી પધારેલા પૂજ્ય સંતોએ શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી.

પર્યાવરણ જતન: વૃક્ષારોપણ અભિયાન'ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વી પર વધતા જતા અસહ્ય તાપમાનથી બચવા માટે વૃક્ષારોપણ એ જ એકમાત્ર ઉપાય છે' તેવા ઉમદા સંદેશ સાથે ગુરુકુળ પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત સંતો અને યજમાનોના વરદહસ્તે ૫૧ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

પ્રાચીન પદ્ધતિથી સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ અને રહેઠાણની સુવિધાઆ : પ્રસંગે કોઠારી સ્વામી શ્રી પ્રકાશદાસજીએ એક અત્યંત મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આ વૈદિક ગુરુકુલમમાં આધુનિક શિક્ષણની સાથે-સાથે પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ મુજબ સર્વાંગી શિક્ષણ આપવામાં આવશે. અહીં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓ માટે રહેવા, જમવા અને ભણવાની સંપૂર્ણ વ્યવસ્થા તદ્દન નિઃશુલ્ક રહેશે. વધુમાં તેમણે માહિતી આપી હતી કે, આગામી

જુલાઈ મહિનાથી આ ગુરુકુળમાં શિક્ષણકાર્યનો વિધિવત પ્રારંભ થશે.

બાળકોનો સર્વાંગી વિકાસ : આચાર્યશ્રીનો સંદેશઆ પ્રસંગે વિદ્યાલયના આચાર્યશ્રીએ પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં જણાવ્યું કેઃ જીવનમાં આધ્યાત્મિક જ્ઞાનની સાથે વ્યવહારિક શિક્ષણ પણ એટલું જ અનિવાર્ય છે. બાહ્ય અને આંતરિક શત્રુઓ સામે લડવા માટે શરીર અને મન બંને મજબૂત હોવા જોઈએ. આ ગુરુકુળમાં બાળકોના બાહ્ય રક્ષણ માટે લાઠીદાવ અને તલવારબાજી જેવી આત્મરક્ષણની કળાઓ તેમજ આંતરિક શુદ્ધિ માટે ધ્યાન, સાધના, પ્રાણાયામ અને યોગાસનો શીખવવામાં આવશે. આ ઉપરાંત, આપણી સનાતન સંસ્કૃતિના રક્ષણ કાજે બ્રહ્મબાળકોને કર્મકાંડનું વિશેષ જ્ઞાન અપાશે. ટૂંકમાં, આ ગુરુકુળ દરેક બાળકનો સર્વાંગી વિકાસ કરનારૂ ઉત્તમ કેન્દ્ર બનશે.

કાર્યક્રમની પૂર્ણાહુતિ : કાર્યક્રમના અંતમાં ગુરુકુળમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક બાળકો અને તેમના વાલીઓના ઉત્સાહપૂર્ણ મંતવ્યો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત તમામ સંતો, ભૂદેવો યજમાનો અને ભાવિકોએ ભગવાનનો પવિત્ર મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ સમગ્ર મંગલમય કાર્યક્રમનું સફળ સંચાલન પુરાણી સ્વામી રામાનુજદાસજી, પુરાણી સ્વામી રામપ્રિયદાસજી દ્વારા કરવામાં આવ્યું હતું

-અ. શાસ્ત્રી સ્વામી ઈશ્વરપ્રિયદાસજી

શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર - ભુજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ પ્રાયોજીત, શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજ ધોરણ-૧૦ (એસ.એસ.સી), ધોરણ-૧૨ (એચ.એસ.સી) ગુજરાત બોર્ડનું ખૂબ સારું પરિણામ ૧૦૦% આવેલ છે. (સંખ્યા ગુ.મા. ૮૭, E.M-56 = કુલ્લ-૧૪૩), A-1(90% Up માં-3), A-2(80% Up માં-28), B-1(70% Upમાં-39), B-2 (60% Upમાં - 44). કુલ્લ ૭૦ દીકરીઓ ડિસ્ટિંક્શન સાથે ૧૧૪ દીકરીઓ ફર્સ્ટકલાસ ઉપર પાસ થયેલ છે.

ધોરણ-૧૨નું પરિણામ ૧૦૦% આવેલ છે. A-1-૯, A-2-૨૦.

ધોરણ-૧૦ (એસ.એસ.સી) **A-1**:- ૧-શૈલી હિરજીભાઈ છભાડીયા-૯૪%, ૨-જાનકી કાન્તીલાલ પિંડોરીયા-૯૩%, ૩-સ્નેહા દિનેશભાઈ જેશાણી-૯૧.૮૩%.

ધોરણ-૧૨ (એચ.એસ.સી) **A-1**:- ૧-મિતિશા ધીરજભાઈ મેપાણી-૯૪.૪૨%, ૨-હિરલબા હિતેસિંહ જાડેજા-૯૪%, ૩-ખુશી મનસુખભાઈ વરસાણી-૯૨.૮૫%, ૪-કુંજલ પ્રવિણભાઈ પોકાર-૯૨%, ૫-યાત્રી રમેશભાઈ ધોળુ-૯૨.૭૧%, ૬-માધવી અરવિંદભાઈ ભુવા-૯૨.૧૪%, ૭-અક્ષી મુકેશભાઈ ધોળુ-૯૨.૧૪%,

૮-જાન્વી બેચરલાલ રુડાણી-૯૨.૧૪%, ૯-મોક્ષી કિરીટભાઈ સાંખલા-૯૧.૪૩%. અતિ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી દીકરીઓએ સંસ્થાનું નામ ગૌરવવંતુ કરેલ છે.

તે બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંતમંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદસહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળના ટ્રસ્ટીશ્રીઓ, સંસ્થાના પ્રિન્સિપાલ દક્ષાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ

સત્સંગ સમાચાર વિદેશ

બ્રહ્મભૂત પ્રસન્નાત્મા ત્રિ-દિવસીય સત્સંગ શિબિર (યુગાન્ડા-કંપાલા)

મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી આ વર્ષે તા.૧/૫/૨૦૨૬ થી ૩/૫/૨૦૨૬ સુધી આફ્રિકા કંપાલા પ્રદેશમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ યુવક-યુવતી મંડળની **'ત્રિદિવસીય સત્સંગ શિબિર'**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવાનો તથા યુવતીઓ અને બાલ-બાલિકાઓ સહ ૯૦૦ જેટલા ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિરમાં ૯ જેટલા સંતો ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ :- તા.૧/૫ ના વહેલી સવારે સૌ યુવાનો શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. નિત્યવિધિ બાદ અલ્પાહાર કરીને સર્વે યુવાનો ઠાકોરજી તથા સંતોના સ્વાગત માટે કંપાલા શ્રીક.સ.સ્વામિનારાયણ મંદિરના મુખ્યદ્વારે પહોંચ્યા હતા. ત્યાંથી ઠાકોરજીની પાલખી સાથે સૌ સંતો અને ભક્તો સભામંડપમાં ધૂન ગાતા ગાતા પધાયા હતા. બાદ સંતોની ઉપસ્થિતિમાં પુરાણી સ્વામી પરમહંસદાસજી આદિ સંતો અને ટ્રસ્ટી મંડળના ભક્તોના વરદ્‌હસ્તે 'બ્રહ્મભૂત પ્રસન્નાત્મા' સત્સંગ શિબિરનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય બાદ સ્વામી પરમહંસદાસજીએ સ્વાગત પ્રવચન કર્યું. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામીએ ઓનલાઈન વિડિયો દ્વારા વાણીરૂપે પોતાનો રાજીપો તથા આશીર્વાદ સૌ શિબિરાર્થીઓ ઉપર વરસાવ્યા હતા.

ત્યારબાદ શિબિરનું થીમ કીર્તન **"મુર્તિ મારે મન માની મોહન તારી"** તેનું ભક્તો દ્વારા સંગીત સાથે ગાન કરવામાં આવ્યું હતું. જે કીર્તન સવાર-સાંજ સગીત અને કરતાલના તાલ સાથે નિત્ય ગાવવામાં આવતું હતું.

તા.૧/૫/૨૦૨૬ ના પહેલાં દિવસે સવારે દીપ પ્રાગટ્ય પછી પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજીએ પ્રેઝન્ટેશન દ્વારા "પરાભક્તિ" વિષય ઉપર શિબિરાર્થીઓને સમજ આપી હતી બપોરપછીના સત્રમાં પુરાણી સ્વામી નીલકંઠજીવનદાસજીએ "કર્મનું ચક્ર" એ વિષય ઉપર પ્રેઝન્ટેશન કર્યું હતું. સાંજના સત્રમાં શ્રીઠાકોરજીની આરતી નિત્યનિયમ બાદ પુરાણી સ્વામી રામકૃષ્ણદાસજીએ કથા શ્રવણ કરાવ્યું હતું. રાતે ગ્રુપ પ્રમાણે સંત સમાગમ રાખવામાં આવ્યો હતો.

તા.૨/૫/૨૦૨૬ ના બીજા દિવસે સવારનાં પ્રાતઃ પૂજા, આરતી, વચનામૃત કથા કરી, પહેલાં સત્રમાં પુરાણી સ્વામી પરમહંસદાસજીએ 'પારિવારિક અને આર્થિક સમસ્યા' આ વિષય ઉપર વ્યાખ્યાન માળા કરી હતી. ત્યારબાદ પ્રશ્ન ચર્ચા દ્વારા યુવાનો અને યુવતીઓને મનમાં મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. અને બપોરપછી પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી દ્વારા "વ્યર્થ કાલો ન નેતવ્યો" એ વિષય પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. અને રાતે કીર્તનધામ રમત રાખવામાં આવી હતી.

તા.૩/૫/૨૦૨૬ ના ત્રીજા દિવસે વહેલી સવારે પ્રાતઃપૂજા કરી અને મંદિરમાં આરતી, પ્રાતઃ

વચનામૃતની કથા સભામાં કરવામાં આવી ત્યારબાદ સવારના સત્રમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ મુખ્ય વિષય 'બ્રહ્મભૂત પ્રસન્નાત્મા' પ્રેઝન્ટેશન દ્વારા સમજાવ્યો હતો. અને ગ્રુપ ફોટો લઈ ભોજનરૂપી મહાપ્રસાદ લેવા સૌ પધાર્યા. બપોરપછીના સત્રમાં ત્રણેય દિવસ જે જે વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી તેનું કસોટી સાથે મુલ્યાંકન પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી

દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં પુરાણી સ્વામી પરમહંસદાસજીએ સૌ શિબિરાર્થીઓને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. અને ભલામણની સાથે નિયમ લેવાની પ્રેરણા કરી અને ૨૨૧ જેટલા ભક્તોએ જીવનમાં વિઘ્ન કરતા સ્વભાવો છોડ્યા હતા. શિબિરમાં સભાસંચલાન સ્વામી સંતસ્વરૂપદાસજીએ કર્યું હતું.

આ શિબિરમાં ૬ થી ૧૩ વર્ષના બાલ-બાલિકાઓ અને ૧૪ થી ૧૭ વર્ષ સુધીના કિશોર-કિશોરી ભક્તો અને યુવક-યુવતી આમ ઉંમર પ્રમાણે અલગ અલગ વિભાગ કરવામાં આવ્યા હતા. તેમાં બાળકો વિભાગમાં સ્વામી વ્યાસસ્વરૂપદાસજી અને કિશોર વિભાગમાં સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી અને સ્વામી કુંજવિહારીદાસજીએ સેવા સંભાળી હતી. સંતોએ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિવિધ વિષયો દ્વારા બાળકોના જીવનને ઉપયોગી સમજ આપી હતી અને વિવિધ પ્રકારની રમતો રમાડી બાળકોને આનંદિત કર્યા હતા.

આ સમગ્ર શિબિરમાં કંપાલા શ્રીકચ્છ સત્સંગ શ્રીસ્વામિનારાયણ મંદિરની કાર્યવાહક કમિટી, યુવક-યુવતી મંડળની સમિતી તેમજ બાલ-બાલિકા મંડળના સંચાલકોએ ખુબ જ સારો સહયોગ આપ્યો હતો. તેમજ આ શિબિરને સફળ કરવા વિવિધ સમિતીની રચના કરવામાં આવી હતી. તેમાં યુવાનો-યુવતીઓ સમય આપી ખૂબ સારી સેવા કરી હતી.

શિબિર સ્થળ હતું શ્રીસ્વામિનારાયણ મંદિરનું પટાંગણ, જ્યાં વિશાળ સહજાનંદ સ્કૂલ છે. જેમાં હજારો બાળકો અભ્યાસ કરે છે. ત્યાં રહેવાનું

અને કચ્છી લેવા પટેલ સમાજના ડોમમાં સભાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ રીતે શિબિરનું ઉમંગભેર આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનો અને યુવતીઓ આ શિબિરમાંથી પોતાના જીવનમાં આધ્યાત્મિક, સામાજિક અને કૌટુંબિક જીવનમાં ખૂબ જ ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરીને આનંદિત થયા હતા.

અ - યુવક-યુવતી મંડળ સંત સમિતી વતી સ્વામી સંતસ્વરૂપદાસજી

મધ્ય આફ્રિકાના કોંગો દેશમાં શ્રીઠાકોરજીની સાથે સંતોની પધરામણી

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા.સ્વામી આનંદમુનિદાસજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી, પુરાણી સ્વામી મુકુંદમુનિદાસજી આદિ ૬ સંતો દિનાંક ૭/૫/૨૦૨૬ ગુરુવારે મધ્ય આફ્રિકાના કોંગો દેશની રાજધાની કિંશાસા પધાર્યા હતા. સંતોના સ્વાગત સાથે પ.ભ.ધનસુખભાઈ વેકરીયાને ઘેર સંતોના ઉતારા રાખવામાં આવ્યા હતા. સંતોના આગમનથી હરિભક્તો ખૂબ જ રાજી થયા હતા. સાંજ-સવાર કથા થતી અને દિવસે ઠાકોરજીની તથા સંતોની પધરામણી થતી. શનિવારે સનાતન મંદિર જાહેર સભા યોજાઈ હતી. જેમાં કચ્છ, ગુજરાત તેમજ ભારતના વિવિધ રાજ્યોના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને સત્સંગનો લાભ લીધો હતો.

આ શહેરમાં લગભગ કચ્છના ૧૩૦ જેટલા હરિભક્તો રહે છે અને અન્ય ગુજરાતના હરિભક્તો પણ રહે છે. સંતોના ૬ દિવસના સત્સંગ પ્રવાસ દરમિયાન રવિવારે શ્રીસ્વામિનારાયણ મંદિર પરિસરમાં ભગવાનની મહાપૂજા રાખવામાં આવી હતી. જેમાં ઘણા બધા હરિભક્તો બહેનો-ભાઈઓએ લાભ લીધો હતો. મહાપૂજા બાદ

મંદિરમાં બિરાજમાન શ્રીઠાકોરજીને અન્નકૂટના થાળ ધરી પૂજ્ય સંતોએ આરતી કરી હતી. હવે સમયની અનુકુળતાએ આ મંદિરમાં આવી દર્શન કથાવાર્તાનો લાભ લેવા ભલામણ કરી હતી.

ત્યારબાદ શહેર બહાર બગીચામાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હરિભક્તો સત્સંગ-કથાવાર્તા તથા મહાપ્રસાદનો લાભ લઈ રાજી થયા હતા. સંતોએ સત્સંગમાં બળ મળે, મહારાજનું ભજન થાય, પરસ્પર સંપ અને સુહૃદભાવ જળવાય એવી ભલામણ સાથે યુવાનોને વ્યસનોથી બચવા ભલામણ કરી હતી. અને સાત દિવસે કે પંદર દિવસે અથવા મહિને સત્સંગ સભા કરવા ભલામણ કરી હતી. જોકે આ દેશ બહુ જ સંપત્તિ ધરાવે છે. હીરા અને તાંબુ આ દેશની મુખ્ય ઉપજ છે પણ જરૂરી સંશાધનો ન હોવાથી બહુ ગરીબ છે. અહીં હરિભક્તોના પોતાના ધંધા ઓછા છે, ૪-૫ હરિભક્તો જ પોતાના ધંધા ધરાવે છે. ઘણા હરિભક્તો અન્ય કંપનીઓમાં કામ કરે છે છતાં મોટા પ્રસંગોમાં સૌ સાથે મળી સત્સંગ કરે છે. ભુજથી ૯ વરસ પહેલાં સંતો પધાર્યા હતા તો હવે દર વર્ષે સંતો પધારે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. સંતોની સેવામાં પ.ભ.ધનસુખભાઈ વેકરીયા, વાલજીભાઈ કેરાઈ-ભુજ, નારાણભાઈ હિરાણી, મહેશભાઈ ચોવટીયા, નિલેશભાઈ પટેલ વિગેરે જોડાયા હતા અને ચિંતનભાઈ રાઘવાણી તથા નીલંકઠ વેકરીયાએ સતત સંતોની સાથે રહી સંતોને સાનુકૂળતા કલ્પી આપી હતી. કોંગોમાં રહેતા દરેક હરિભક્તો ઉપર મહારાજનો અને સંતોનો ખૂબ રાજીપો વરસતો રહે એવી લાગણી વ્યક્ત કરી હતી. સંતો ૧૨ તારીખે બપોરે ઠાકોરજી જમાડી જાંબીયા જવા રવાના થયા હતા.

અ - મુકેશભાઈ હાલાઈ

આફ્રિકાના ઝાંબીયા દેશની રાજધાની લુસાકા સંતોનું સત્સંગ વિચરણ

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા.સ્વામી આનંદમુનિદાસજી, પુ.સ્વામી સુવ્રતમુનિદાસજી, પુ.સ્વામી મુકુંદમુનિદાસજી આદિ ૬ સંતો દિનાંક ૧૨/૫/૨૦૨૬ મંગળવારે ૬ સંતોનું મંડળ આફ્રિકાના ઝાંબીયા દેશની રાજધાની લુસાકા પધાર્યું હતું.

સંતોના સ્વાગત સાથે સંતોના ઉતારા પ.ભ.કાન્તીભાઈ નારાણ વરસાણીના ઘેર રાખવામાં આવ્યા હતા. સંતોના આગમનથી હરિભક્તો ખૂબ જ રાજી થયા હતા. સાંજ-સવાર કથા થતી અને દિવસે ઠાકોરજીની તથા સંતોની પધરામણી થતી. લુસાકામાં ૧૦૦ જેટલા હરિભક્તો રહે છે અને અન્ય ગુજરાતના હરિભક્તો પણ રહે છે. સંતોના ૬ દિવસના સત્સંગ વિચરણ દરમિયાન સંતોએ સત્સંગમાં બળ મળે, મહારાજનું ભજન થાય, પરસ્પર સંપ અને સુહૃદભાવ જળવાય એવી ભલામણ સાથે યુવાનોને વ્યસનોથી બચવા ભલામણ કરી હતી.

અહીં હરિભક્તોના પોતાના ધંધા ઓછા છે, ૪-૫ હરિભક્તો જ પોતાના ધંધા ધરાવે છે. ઘણા હરિભક્તો અન્ય કંપનીઓમાં કામ કરે છે. છતાં દર રવિવારે યુવક મંડળની સભા ચાલે છે એમાં સૌ લાભ લે છે. શનિવારે સંતો કિટવે શહેર પધાર્યા હતા. પ.ભ.નિલેશભાઈ રાઘવાણીને ઘેર ઉતારો કર્યો હતો. ત્યાં પણ ૫૦ જેટલા હરિભક્તો રહે છે અને દર શનિવારે યુવક મંડળની સભા થાય છે. આ સભામાં એનડોલામાં પણ યુવક મંડળની સભા ચાલે છે તો એ હરિભક્તો પણ કિટવે પધાર્યા હતા. રવિવારે શાકોત્સવ પણ કર્યો હતો. સંતો એક રાત રહી પાછા લુસાકા પધાર્યા હતા. આ વિસ્તારમાં રહેતા દરેક હરિભક્તો ઉપર મહારાજનો અને સંતોનો ખૂબ જ રાજીપો વરસતો રહે એવી લાગણી વ્યક્ત કરી હતી. સંતોની વ્યવસ્થામાં પ.ભ.હિતેશભાઈ સુરેશ કેરાઈ, પ.ભ.મનસુખભાઈ રવજી ખેતાણી, પ.ભ.ભાવેશભાઈ વરસાણી તથા પ.ભ.મોહનભાઈ હિરાણી આદિ હરિભક્તો સંભાળી હતી. સંતો ૧૮ તારીખે સવારે ઠાકોરજી જમાડી નાઈરોબી જવા રવાના થયા હતા.

અ - દિપકભાઈ ભુડિયાના જય શ્રીસ્વામિનારાયણ

શ્રી ઘનશ્યામ બાળસંદેશ

સુરજબાઇને ઘેર પધરામણી

બાલમિત્રો ! જય સ્વામિનારાયણ, ભગવાન શ્રીહરિ ભુજનગર પધારતા. ત્યારે ભુજના દરેક ભક્તો ભાવથી ભગવાન શ્રીહરિની સેવા કરતા. અને કયારેક શ્રીહરિ સુંદરજીભાઈને ઘેર તો કયારેક ગંગારામભાઈને ઘેર નિવાસ કરતા. ને ઉત્સવો કરતા. આજ ભગવાન શ્રીહરિ સુરજબાઈને

ઘેર પધાર્યા.

એક સમયે ભગવાન શ્રીહરિ ભુજમાં ગંગારામ મલ્લને ઘેર બિરાજમાન હતા. તે સમયે વિશ્વેશ્વર ભટ્ટનાં દીકરી સુરજબાઈએ શ્રીહરિ પાસે આપીને છેટે રહીને દર્શન કરીને પ્રાર્થના કરી : "હે મહારાજ ! તમોએ આ ભુજનગરમાં સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામભાઈ, શિવરામ મહેતા તથા લાધીબાઈ તેમને ઘેર રહીને મોટા મોટા ઉત્સવ કરીને બહુ સુખ આપ્યું, ને તે દ્વારા લક્ષાવધિ જીવોનું કલ્યાણ કર્યું. માટે મારી પણ એ જ વિનંતી છે જે, હરિભક્તો તથા સંતોને તેડાવીને મારે ઘેર ઉત્સવ કરો."

ત્યારે શ્રીહરિ બોલ્યા : "તમે તો સાંખ્યયોગી છો. તે તમારાથી ઉત્સવનું ખરચ પૂરું પડશે ?" સુરજબાઈ કહ્યું : "મહારાજ ! તમારા પ્રતાપથી મારે ઘેર કોઈ પ્રકારની ખોટ નથી." જેમના પર ભગવાનની કૃપા હોય એ કયારેય અન્ન, ધનથી ખામી ન હોય. સૂરજબાઈ પાસે ભગવાનની કૃપાથી બધુ જ હતું. સુરજબાઈ કહે છે : "મહારાજ ! તમે આજ્ઞા કરો તો હું ફૂલડોલના ઉત્સવની તૈયારી કરવું." મહારાજ કહે : "બહુ સારું" પછી સુરજબાઈ મહારાજને વંદન કરીને પોતાના ઘેર ગયાં. ને પોતાના ભાઈ ઉદેરામને વાત કરી. ત્યારે તેમના ભાઈ ઉદેરામ તથા તેમનાં બહેન અમૃતબાઈ ને ખુશાલબાઈ તથા બીજાં કુટંબી તે સર્વે અતિશે રાજી થયાં. પરસ્પર એમ કહેવા લાગ્યા : "મહારાજે આપણા ઉપર બહુ દયા કરી, ને આપણને કૃતાર્થ કર્યા. હવે મહારાજ આપણે ઘેર સંતો, બ્રહ્મચારી ને પાર્ષદે સહિત પધારશે. તેથી આપણે ત્યાં આનંદ ઉત્સવ થશે."

એમ પરસ્પર વિચાર કરીને મહારાજને પોતાને ઘેર લઈ જવા સારું ત્રાંસાં, ઢોલ, નગારાં ને શરણાઈઓ તથા બેન્ડવાજાં વગડાવતા થકા ને 'મારે આજ પ્રીતમ ઘેર આવશે' એ કીર્તન ઝીલીને ગાતા ગાતા ગંગારામભાઈને ત્યાં આવ્યાં. શ્રીહરિને વાસ્તે બેસવા સુંદર તાવદાન લાવ્યાં. શ્રીહરિ પાસે આવીને પ્રાર્થના કરી, શ્રીહરિ પ્રાર્થના સાંભળી તાવદાન ઉપર બિરાજમાન થયા. ને સંતોને અલગ અલગ ગાડીઓમાં બેસાળ્યા. પછી મહારાજની આગળ હરિભક્તો કીર્તન ગાવા લાગ્યા. આવી રીતે હજારો ભક્તોથી વીંટાણા થકી વાજતે-ગાજતે શ્રીહરિ સુરજબાઈને ઘેર પધાર્યા.

તે સમયે હજારો ભક્તો કહેવા લાગ્યા : "સુરજબાઈ તો સુરજબાઈ ! આ તો સૂરજને તુલ્ય થયાં. જેમ સૂર્યનો પ્રકાશ ત્રિલોકમાં વ્યાપે છે તેમ સુરજબાઈની કીર્તિ પણ ત્રિલોકમાં વ્યાપી. માટે એ તો ધન્ય છે." એવી લોકોની વાણી સાંભળીને મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને મંદ મંદ હસવા લાગ્યા. જનસમુદાયને દર્શન આપતા થકા સુરજબાઈને ઘેર પધાર્યા. ત્યારે સુરજબાઈ આદી બહેનો મારે આજ પ્રીતમ ઘેર આવ્યા. એ કીર્તન ગાવા લાગ્યાં. અને સુરજબાઈએ સુંદર મોતીની માળાની સાથે પૂજાની સામગ્રી લઈને મહારાજને સામાં આવીને વધાવ્યા. શ્રીહરિને પોંખીને તાવદાનમાંથી ઉતાર્યા, ને પોતાના ઘરમાં સુંદર ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા. સંતો-ભક્તોને યોગ્ય રહેવાની વ્યવસ્થા કરી. પછી મહારાજને માટે સરસ થાળ બનાવીને જમાડ્યા. પછી સંતો-ભક્તોને પણ જમાડ્યા. પછી સૂરજબાઈએ કહ્યું : "હે મહારાજ ! આપ અહીં હુતાશનીનો ઉત્સવ કરો."

પછી શ્રીહરિએ પ્રાગજી દવે પાસે કંકોતરી લખાવીને દેશાંતરમાં હરિભક્તો ઉપર મોકલાવી. આ બીજું સુરજબાઈ ઉત્સવનો સામાન જે કેસર, કેસુડા, કસુંબો તથા સોરંગ વગેરે રંગો તથા અબિર, ગુલાલના કોથળા મંગાવ્યા. હીરજીભાઈને ત્યાંથી સોનાની, રૂપાની તથા પિત્તળની પિચકારીઓ લાવ્યા. ને રંગ ભરવાની મોટી મોટી કોઠીઓ તથા ઘડા આદિ અનેક પાત્રો મંગાવ્યાં. શ્રીહરિની પૂજા કરવા માટે સુંદર પોશાગ કરાવ્યો.

શ્રીહરિ સુરજબાને ઘેર રહીને કથા-વાર્તા કરીને પોતાના ભક્તોને ઘણોક આનંદ પમાડતા હતા. ને બે-ત્રણ દિવસ થયાને દશાંતરના હરિભક્તો પણ આવવા લાગ્યા. તેને સુરજબાઈએ યથા યોગ્ય ઉતારા આપ્યા.

એક નગરમાં એક શેઠ રહેતા હતા. તેમની પાસે અઢળક ધન-સંપત્તિ હતી. શેઠ ખૂબ પરોપકારી અને દયાળુ હતા. તેઓ બ્રાહ્મણો સાધુ-સંતોને પોતાના હાથે અન્નદાન આપતા હતા. એક દિવસ ચાર યુવાન બ્રાહ્મણો કાશીથી આવ્યા. શેઠે તેઓને લાડુ, દાળ, ભાત શાક અને રોટલી કરીને શાંતિથી જમી શકે, એટલું સીધું પણ આપ્યું.

સીધું લઈને ચારેય બ્રાહ્મણો નગરની બહાર આવ્યા. તળાવ કાંઠે વડની નીચે રસોઈ કરવા બેઠા. એ જ વડ ઉપર એક સમડી બેઠી હતી. તે કયાંકથી સાપ પકડીને લાવી હતી. સમડીના પંજામાં પકડાયેલા અધમૂઆ સાપના મુખમાંથી ઝેર ટપકતું હતું. આ ઝેર જ્યાં રસોઈ થતી હતી, એમાં જ ટપક્યું. આ વાતનો ખ્યાલ ચારમાંથી કોઈ બ્રાહ્મણને રહ્યો નહિ.

સુંદર મજાના ઘીથી લચપચતા લાડુ અને સાથે સરસ મજાની દાળ. ઘણા દિવસે આટલું સુંદર ભોજન મળ્યું હતું. ચારેય બ્રાહ્મણો તો પેટ ભરીને રસોઈ જમ્યા. તળાવનો કિનારો હતો. શીતળ પવન વાઈ રહ્યો હતો. ઘેઘૂર વડલાની છાયા હતી. અને તેમાં ભારે જમણ થયું હતું.

થોડીવારે ચારેયને ઝેરની અસર થવા લાગી. અને ત્યાં ને ત્યાં ચારેય બ્રાહ્મણોના રામ રમી ગયા.

અકાળે ચારે બ્રાહ્મણો મર્યા, તેથી નગરમાં વાત ફેલાઈ ગઈ. પણ આ મૃત્યુની પાછળ વાંક કોનો ? પાપ અને પુણ્યનો ચોપડો લખનાર ચિત્રગુપ્ત મુંઝાયા કે આ પાપ કોના માથે નાખવું. દાન આપનારે તો સારી ભાવનાથી દાન આપ્યું હતું. સમડી તો એના ખોરાકને ખાઈ રહી હતી. અને સાપ પણ બેહોશ હતો. ચિત્રગુપ્ત તો ગયા યમરાજા પાસે. પૂછ્યું 'આ પાપ કોના ચોપડે ચઢાવીશું ?' યમરાજા પણ મૂંઝાયા.

બીજા દિવસ બ્રાહ્મણોના મૃત શરીરને સ્મશાનમાં લઈ આવ્યા. અગ્નિ સંસ્કાર વિધિ કરવામાં આવ્યો. ત્યાં યમરાજ, ચિત્રગુપ્ત ને બ્રહ્મદેવ આવ્યા. લોકો વાતો કરતા હતા. ત્યાં એક બોલ્યો : આ શેઠે જ કંઈ કર્યું છે. સીધાંમાં ઝેર નાખ્યું હશે. વાત સાંભળી બ્રહ્મદેવે કહ્યું : યમદેવ ! આ પાપ એ માણસ પર લખી નાખો. જાણ્યા, જોયા વિના બોલ્યો એટલે પાપ એમને લાગ્યું.

બાળમિત્રો, જે જાણ્યા, જોયા, વિચાર્યા વગર બીજાને માથે દોષ ઢોળે છે, એના જેવું દુનિયામાં કોઈ પાપી નથી. સહજાનંદસ્વામીએ શિક્ષાપત્રીના ૨૦ શ્લોકમાં લખ્યું. કે મારા ભક્તોએ કોઈ ઉપર મિથ્યા અપવાદ આરોપ ન નાખવો જોઈએ.

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૬૦૧- પ્રેમવતી વાસ્તુ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે રાજેશ માવજી નીસર - બોરીવલી-મુંબઈ

૨૦૧- ઊમેદલાલ વેલજી નીસર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભચાઉ-નવાગામ

દહિંસરા ગામમાં ભાઇઓ અને બહેનો માટે તૈયાર થયેલ નવાં શ્રી સ્વામિનારાયણ મંદિરોનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

માનકુવા ગામમાં ભાઇઓ માટેના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો.

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026

બ્રહ્મભૂત પ્રસન્નાત્મા ત્રિ-દિવસીય સત્સંગ શિબિર
(યુગાન્ડા-કંપાલા)